## ફેબ્રુઆરી-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્યશ્રીઓ,

સાદર નમસ્તે,

આપ સૌને આમ તો રુબરુ મળવાની ઇચ્છા થઈ છે પરંતુ હમણાં તત્કાલ તો એ શક્ય નથી. કોરોના મહામારીએ આપણને માનસિક, આર્થિક એમ ઘણી રીતે થકવી દીધા છે. આપણાં ઘણાં સ્નેહીઓથી આપણો વિરહ કરાવ્યો છે. પરમચેતનાને પ્રાર્થું છું હવે આપણે સૌ ઊજળા સમયમાં રહીએ. ઈશ્વરકૃપા સૌ પર વરસતી રહે. રૂબરૂ થવાના સમયને જલદી સાકાર કરવાની અપેક્ષા સાથે આજે તમને એક-બે વાત જણાઉં છું.

એક, ગુજરાતી સાહિત્ય પરિષદે આજીવન સભ્યોની યાદી સુધારવાનું કામ હાથ ધર્યું છે. આ યાદી સુધારણા કાર્યમાં પરિષદને તમારા સહકારની ખાસ જરૂર છે. ‘પરબ’ના આ અંકમાં આજીવન સભ્યોની વિગતનું ફૉર્મ આપ્યું છે. પ્રસ્તુત ફૉર્મમાં માગ્યા પ્રમાણેની વિગતો ભરીને ફૉર્મ પરિષદના સરનામે મોકલી આપવા વિનંતી છે.

કામની વ્યવસ્થા માટે તા.31-3-2021 સુધીમાં ફૉર્મ કાર્યાલયને મળે એ રીતે મોકલી આપશો. એ પછી આવેલા ફૉર્મ ગણનામાં લેવાશે નહીં.

સુધારેલી યાદીમાં જે નામ હશે તેમને જ પરિષદની ચૂંટણીમાં મતાધિકાર મળશે અને આજીવન સભ્યને મળતા અન્ય હક પણ મળતા રહેશે.

બીજું, પરિષદ ભવનમાંથી ગુજરાતી સાહિત્ય કોશના ત્રણ ભાગ પ્રકાશિત થયા હતા જે અભ્યાસીઓને બહુ જ ઉપયોગી બન્યા છે. પ્રથમ ભાગ મધ્યકાળ ઈ. સ. 1150થી ઈ. સ. 1850ના સમયગાળામાં થયેલા સર્જકો અને એમની રચનાઓ વિશે છે. બીજો ભાગ અર્વાચીનકાળ ઈ. સ. 1850થી ઈ. સ. 1950 સુધીમાં થયેલા સર્જકો અને તેમની રચનાઓને રજૂ કરે છે જ્યારે ત્રીજો ભાગ સાહિત્યિક પ્રકીર્ણ વિશેનો છે જેમાં સાહિત્યના સ્વરૂપો અને વિભાવનાઓ વિશે લાઘવમાં સામગ્રી આપવામાં આવી છે. આ ગ્રંથો હવે ખલાસ થયા છે, પરંતુ અભ્યાસીઓમાં માંગ સતત રહી છે. આ કોશગ્રંથોની શોધિત-વર્ધિત આવૃત્તિઓનું કામ શરૂ કર્યું છે.

બહુ થોડા સમયમાં આ ગ્રંથો માટે આગોતરા ગ્રાહકોની એક જાહેરાત ‘પરબ’માં થશે. સૌ અભ્યાસીઓને એનો લાભ લેવા વિનંતી છે. આ કોશગ્રંથો ગુજરાતીના ઘરમાં હોય એ માતૃભાષાની સેવા કર્યા જેવું છે.

ત્રીજું, શબ્દનો સંઘાત કરનારા આપ સૌ દેશ-વિદેશમાં રહો છો પણ ગુજરાતી ભાષા-સાહિત્ય અને એનું જતન કરનારી ગુજરાતી સાહિત્ય પરિષદ માટે આપ જાગૃત છો એની મને પ્રતીતિ છે. જ્યારે જ્યારે ગુજરાતી ભાષા કે ગુજરાતી સાહિત્ય પરિષદે આપ સૌનો સાથ માગ્યો ત્યારે ત્યારે આપ સૌ સાથે થઈ ગયા છો. કારણ પરિષદ આપણી સૌની સહિયારી સંસ્થા છે. આજથી થોડા વર્ષો પહેલા પરિષદે આર્થિક સહાયની ટહેલ નાખી ત્યારે તમે સૌ દોડી આવ્યા હતા. આજે પરિષદને આપના એ સહકારની જરૂર છે. આપ સૌ મિત્રોએ આજીવન સભ્ય બન્યા પછી પરિષદના કાર્યવાહકો પર વિશ્વાસ મૂકયો છે આ વિશ્વાસનું પાલન થતું આપ સૌએ અનુભવ્યું પણ છે.

મહામારીને કારણે અને વ્યાજ દરની રકમ ઘટી જવાને કારણે જે સખાવતો પરિષદને મળી છે એમાંથી સાહિત્યની પ્રવૃત્તિઓ કરવી કપરી બની છે. આપણે સૌ જાણીએ છીએ કે પરિષદે ગુજરાતી સાહિત્ય અને ભાષા માટે અનેક પ્રવૃત્તિઓ કરી છે. પ્રજાની નજીક જવા માટેના પણ ઉપક્રમ રચ્યા છે. તેજસ્વી પ્રમુખો-મંત્રીઓ અ તંત્રીઓની ઊજળી પરંપરાના ખભા પર આપણી પરિષદ સ્થિર અને મક્કમતાથી ચાલી રહી છે. પરિષદનું મસમોટું સુંદર મકાન છે જે સાબરમતી નદીના કિનારે સરસ્વતીમાતાની સ્તુતિ કરતું આપણે સૌએ અનુભવ્યું છે. સાહિત્યપ્રવૃત્તિઓની સાથે એ મકાનનું પણ આપણે જતન કરવાનું છે. સાથે દુર્લભ પુસ્તકોનો ભંડાર ધરાવતું, વળી જેમાં રા. વિ. પાઠક, ધીરુભાઈ પરીખ, નિરંજન ભગત જેવા વિદ્વાનોના ગ્રંથાલયો ભેટરૂપે મળ્યા છે એવું ‘ચીમનલાલ મંગળદાસ’ ગ્રંથાલય પણ છે.

પરિષદની સઘળી પ્રવૃત્તિમાં સહાયક બનનારો नीव की ईंट જેવો પરિષદનો દસ માણસનો મજાનો સ્ટાફ પણ છે. પરિષદનું મકાન, ભાષા-સાહિત્યની પ્રવૃત્તિઓ, ગ્રંથાલય અને પરિષદના કર્મબદ્ધ કર્મચારીઓ આ બધાંને લીલાછમ રાખવા માટે પરિષદ એના વહાલા આજીવન સભ્યોને આર્થિક સહાયમાં સહયોગી બનવા સાદર વિનંતી કરે છે.

પરિષદના આર્થિક પરિબળને સહાયક થવા તા.4-1-21ના રોજ મળેલી કારોબારી સમિતિએ આજીવન / સંસ્થા સભ્ય બનવા માટે અહીં દર્શાવ્યા પ્રમાણેની ફી લેવાનું નક્કી કર્યું છે. જેનો અમલ તા.1-4-2021થી થશે.

| | |
|---|---|
| આજીવન સભ્ય | રૂ. 3,000/- |
| સંસ્થાસભ્ય | રૂ. 5,000/- |

જાદુ થયો ! મિત્રો, પરિષદના પુણ્ય તપે છે. મારી વાત બે મિત્રો સાંભળી ગયા. એક મિત્રએ નામ જાહેર ન કરવાની શરતે 51,000/- નો ચેક મોકલાવ્યો અને 2021થી 23ના કારોબારી સભ્ય શ્રી દીપક મહેતાએ 25,000/- નો ચેક આપ્યો, બન્નેને પરિષદના સાદર વંદન.

ચોથું, આજીવનસભ્યમિત્રો, તમારા સહકારથી ચૂંટાએલા નવા મંત્રીમંડળે પરિષદની પ્રવૃત્તિઓની જવાબદારી સંભાળી લીધી છે. કોષાધ્યક્ષ પરિષદના આર્થિક પાસાને સમૃદ્ધ કરવા વિવિધ યોજનાઓ કરી રહ્યા છે. સરકારે કોરોના સંદર્ભે કરેલા નિયમોને અધીન રહીને ગ્રંથાલયમંત્રીએ ‘ચિમનલાલ મંગળદાસ’ ગ્રંથાલયને વાચકો માટે ખુલ્લું કર્યું છે. તો પ્રસારમંત્રીશ્રીએ પરિષદ પ્રવૃત્તિઓને વિસ્તાર કરવાના ગણેશ

કર્યા છે. પ્રકાશનમંત્રી પ્રકાશન સંદર્ભે ગતિમાન બન્યા છે. સ્વાધ્યાયપીઠમંત્રીએ વિવિધ સ્વાધ્યાયપીઠ માટે યોગ્ય તજજ્ઞની શોધ આદરી છે. વિકાસમંત્રીશ્રીએ પરિષદની આર્થિક બાજુને જીવંત રાખવા પરિષદના આજીવન સભ્યોની સંખ્યામાં વૃદ્ધિ કરવાનો સ્તુત્ય પ્રયત્ન આરંભી દીધો છે. માનનીય પ્રમુખશ્રી અમારા સાથી બની અમને સૌને અમારી પ્રવૃત્તિઓમાં સહાયક બને છે.

સાથીઓ આપ સૌની શુભકામનાઓ પરિષદ સાથે છે જ અને રહેશે.

આપનો સહકાર પરિષદની સંજીવની.